।। શ્રી મહાવીરાય નમઃ।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૭ જુલાઈ ૨૦૨૪** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**OPEN BOOK / REGULAR** **શ્રેણી – ૮** **WRITER** **YES / NO**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | SUPARVISOR SIGN. | |

**MARKS**

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

(30)

**પ્ર.૧ સામાયિક પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૧૦)**

૧. સવ્વે **જીવા ખમંતુ મે મિત્તી મે સવ્વભૂએસુ** વેર

૨. અણેસણાએ **પાણ ભોયણાએ બીય ભોયણાએ હરિય ભોયણાએ પચ્છા કમ્મિયાએ** પુરે

૩. ખેલેસુ વા **સિંઘાણેસુ વા વંતેસુ વા પિત્તેસુ વા પૂએસુ વા** સોણિએસુ

૪. ઉગ્ગહં **નિસીહિ અહોકાયં કાયસંફાસં ખમણિજ્જો** ભે!

૫. સમણે **નિગ્ગંથે ફાસુએણં એસણિજ્જેણં અસણં** પાણં

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૫)**

૧. સમણધમ્મે **સાધુધર્મમાં** ૨. વિશુદ્ધનાર્થે **વિશેષ શુદ્ધિ કરવા માટે**

૩. સાવયાણં **શ્રાવકોની** ૪. પીઢ **બાજોઠ, પાટલા આદિ**

૫. માયામોસો વિવજ્જિઓ **કપટ સહિત જૂઠથી સર્વથા રહિત થયો છું**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** **(૫)**

૧. પ્રાયશ્ચિત્તની **પાયચ્છિત્ત** ૨. પોતાની સ્ત્રીથી સંતોષ રાખવો **સદાર સંતોષિએ**

૩. કોઈની સાથે **કેણઈ** ૪. નમસ્કાર કરીને **નમોક્કારેણં**

૫. ફૂલની માળા, ચંદન વગેરે વિલેપન કરવાના પ્રત્યાખ્યાન **માલાવક્ષગ વિલેવણના પચ્ચક્ખાણ**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૧૦)**

૧. નગર એટલે શું? **જ્યાં કોઈપણ જાતનો કર ન લેવાતો હોય તે.**

૨. ખામણા કયા આસને બેસીને કરાય? શા માટે? **ખામણા બંને ઢીંચણ ઢાળીને કરાય, જે પંચ પરમેષ્ઠી પ્રત્યે સમર્પણનો ભાવ બતાવે છે.**

૩. સિદ્ધશિલા કેવડી છે? **સિદ્ધશીલા ૪૫ લાખ યોજનની લાંબી અને પહોળી છે.**

૪. પોરસી એટલે શું? **સૂર્યોદય પછી એક પ્રહર સુધી ચારે આહારનો ત્યાગ કરવો તે.**

૫. ભિક્ષુની પડિમા સાધુ-સાધ્વી આદરી શકે? **સાધુ આદરી શકે, સાધ્વી ન આદરી શકે.**

૬. પિંડ વિશુદ્ધિમાં શેનો સમાવેશ થાય છે? **આહાર, શય્યા, વસ્ત્ર, પાત્ર.**

૭. ૩૩ બોલમાંથી ત્રીજા બોલમાં હેય, જ્ઞેય અને ઉપાદેય કયા?

**ઉપાદેય : ત્રણ ગુપ્તિ હેય : ત્રણ દંડ, ત્રણ શલ્ય, ત્રણ ગર્વ, ત્રણ વિરાધના.**

૮. કેવળીને ચિંતા હોય? શા માટે? **કેવળી ચિંતા ન કરે કારણ કે મોહનીય કર્મ નથી માટે.**

૯. પ્રણિપાત એટલે શું? કોનું બીજું નામ છે? **પ્રણિપાત એટલે વિશેષ નમસ્કાર. નમોત્થુણંનું બીજું નામ છે.**

૧૦. પાંચમા શ્રમણ સૂત્રમાં શેનો અંગીકાર કરવાનો છે? **સંયમ, બ્રહ્મચર્ય, કલ્પનીય, જ્ઞાન, ક્રિયા, સમકિત સદ્બોધ, મોક્ષમાર્ગ.**

**(૫૦)**

**પ્ર.૨ તત્ત્વ વિભાગ/સંસ્કાર વિભાગના આધારે લખો.**

**(અ) ૨૪ દંડકના આધારે લખો. (૩૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૫)**

૧. કવળ આહારમાં તિર્યંચના દંડક **૪, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય.**

૨. નારકીમાં લેશ્યા **૩, કૃષ્ણ, નીલ, કાપોત.**

૩. મનુષ્યમાં સંજ્ઞા **૪, આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, નોસંજ્ઞા બહુત્તા.**

૪. વિજય વિમાનમાં સમુદ્ઘાત **૩, વેદનીય, કષાય, મારણાંતિક.**

૫. મોક્ષે જવાવાળામાં સંઘયણ **૧, વજ્રઋષભનારાચ સંઘયણ હોય.**

**(૨) મને ઓળખો.** **(૫)**

૧. તેજો લેશ્યા છે પણ તેજસ સમુદ્‌ઘાત નથી. **જુગલિયા**

૨. અમે ૧૦ દંડકમાંથી આવીને ૨૨ દંડકમાં જઈએ છીએ. **અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય**

૩. મારો સાતમો દંડક છે. **દ્વીપ કુમાર**

૪. અમારામાં ચાર સમુદ્‌ઘાત હોય છે. **નારકી, વાયુકાય**

૫. મોક્ષમાં જવા માટે આ શરીર જોઈએ. **ઔદારિક**

**(૩) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

૧. દર્શનને ...... અને ...... સાથે સંબંધ નથી. **સમકિત, મિથ્યાત્વ**

૨. માહેંદ્રની જ. સ્થિતિ ....... અને ઉરપરની ઉ. સ્થિતિ ...... છે. **૨ સાગર ઝા., પૂર્વક્રોડ વર્ષ**

૩. સંમૂર્ચ્છિમ મનુષ્ય ...... ના દંડક અને જુગલિયા ...... માં જાય. **ઔદારિક, દેવ**

૪. લબ્ધિ ફોરવે ત્યારે ...... અને પાછા ઔદારિકમાં આવે ત્યારે ...... હોય. **વૈક્રિય મિશ્ર અથવા આહારક મિશ્ર, ઔદારિક મિશ્ર**

૫. મઘામાં ...... અને ...... દંડકનો આવે. **મનુષ્ય, તિર્યંચ**

**(૪) વ્યાખ્યા લખો.** **(૫)**

૧. લબ્ધિ ફોરવવી : **પ્રાપ્ત શક્તિને વાપરવી.**

૨. શ્રુત અજ્ઞાન : **શબ્દ દ્વારા અર્થનું અયથાર્થ જ્ઞાન.**

૩. અવગાહના : **જીવનું શરીર જેટલા આકાશ પ્રદેશને રોકે.**

૪. પ્રત્યક્ષ : **આત્માથી જાણે છે.ઈન્દ્રિય કે મનની જરૂર નથી.**

૫. ઉપયોગ : **જ્ઞાન અને દર્શનમાં આત્માની પ્રવૃત્તિ. આત્માનો સ્વભાવ.**

**(૫) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૫)**

૧. છ યોગ અને છ ઉપયોગ કયા દંડકમાં હોય? **એક પણ દંડકમાં ન હોય.**

૨. ૫ સ્થાવરમાં કેટલા જીવો ઉપજે? **ચાર સ્થાવરમાં સમયે સમયે અસંખ્યાતા અને વનસ્પતિમાં સમયે સમયે અનંતા જીવ ઉપજે.**

૩. ક્ષાયિક સમકિતી ઘોડાને કયા ઉપયોગ હોય? **મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, ચક્ષુ દર્શન, અચક્ષુ દર્શન.**

૪. દેવમાં અને નારકીમાં વેદ કયા? **દેવમાં સ્ત્રીવેદ, પુરુષવેદ અને નારકીમાં નપુંસક વેદ.**

૫. સિદ્ધમાં શરીર અનુલક્ષીને કેમ બોલ નથી? **સિદ્ધમાં શરીર નથી માટે શરીર અનુલક્ષીને બોલ નથી.**

**(ઙ) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૫)**

૧. છટ્ઠી નરકમાં મનુષ્ય અને તિર્યંચ બે ગતિનો આવે. **સાચું.**

૨. દેવના ઉત્તર વૈક્રિયમાં સમચતુરંસ્ર સંસ્થાન હોય. **ખોટું. દેવના ઉત્તર વૈક્રિયમાં વિવિધ સંસ્થાન હોય.**

૩. ઉડતી માખીમાં ૪ યોગ અને ૪ ઉપયોગ હોય. **ખોટું. ઉડતી માખીમાં ૨ યોગ અને ૪ ઉપયોગ હોય.**

૪. સંમૂર્ચ્છિમ મનુષ્યને કવલ આહાર હોય છે. **ખોટું. સંમૂર્ચ્છિમ મનુષ્યને કવલ આહાર હોતો નથી.**

૫. ૫૬ અંતરદ્વીપના જુગલિયામાં મિથ્યાદષ્ટિ હોય છે.

**સાચું.**

**(આ) કાળનું માપ અને અવગાહનાની સમજણના આધારે નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (૫)**

૧. એક શતાબ્દીમાં કેટલા યુગ? ૧ યુગ એટલે કેટલા વર્ષ? **૨૦ યુગ, ૫ વર્ષ**

૨. ૧૦ ક્રોડાક્રોડ એટલે? **૧૦ કરોડ × ૧ કરોડ.**

૩. ૪ હાથ એટલે કેટલું માપ? **૧ ધનુષ્ય, ૯૬ આંગુલ, ૮ વેંત**

૪. ૮૪ લાખ પૂર્વાંગ એટલે કેટલા વર્ષ? **૭૦,૫૬૦ અબજ વર્ષ.**

૫. આત્મ આંગુલથી શું મપાય છે? **મનુષ્યકૃત પદાર્થોની લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ મપાય છે.**

**(ઇ) ૩૨ અસજ્ઝાયના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૫)**

૧. ધૂમિકા અને મિહિકા એટલે શું? **કાળી ધુમ્મસને ધૂમિકા અને સફેદ ધુમ્મ્મને મિહિકા કહે છે.**

૨. કાળ સંબંધી અસજ્ઝાય કેટલી? અકાળમાં શું થાય? **બાર, આવશ્યક (પ્રતિક્રમણ)**

૩. આખા દિવસમા કાલિક અને ઉત્કાલિક સૂત્રના પ્રહર કેટલા **કાલિક સૂત્રના પ્રહર ચાર, ઉત્કાલિક સૂત્રના પ્રહર આઠ.**

૪. અસજ્ઝાય કયા સૂત્રનો અધિકાર છે? **ઠાણાંગ સૂત્ર ૪/ઠાણાંગ સૂત્ર ૧૦ અને નિશીથ સૂત્ર ઉ. ૧૯.**

૫. આદ્રા અને સ્વાતિ નક્ષત્ર ક્યારે બેસે? **આદ્રા ૨૨ જૂન અને સ્વાતિ નક્ષત્ર લગભગ ૨૨ ઓક્ટોબર આસપાસ બેસે.**

**(૨) જોડકા જોડો.** **(૫)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. ઉલ્કાપાત | ૧. ૧ મુહૂર્ત | **૨. ૧ પ્રહર** |
| ૨. નિર્ઘાત | ૨. ૧ પ્રહર | **૪. ૮ પ્રહર** |
| ૩. ખંડ ગ્રહણ | ૩. ૨ પ્રહર | **૫. ૧૨ પ્રહર** |
| ૪. સંધ્યા | ૪. ૮ પ્રહર | **૧. ૧ મુહૂર્ત** |
| ૫. ગર્જિત | ૫. ૧૨ પ્રહર | **૩. ૨ પ્રહર** |

**(ઈ) મોક્ષમાર્ગ આરાધનાના આધારે યોગ્ય વિકલ્પ પર ટીક કરો.** **(૫)**

૧. ધર્મને શેમાં ઘૂંટવાનો છે? (મન, **વર્તન**, ભાષા)

૨. ભવભ્રમણનું કારણ શું છે? (**અજ્ઞાનતા**, મિથ્યાત્વ, રાગ-દ્વેષ)

૩. શેના માટે તપ કરવાનું નથી? (**આજીવિકા**, ભૌતિક સુખ, નિયાણા)

૪. તુંગિયા નગરીના શ્રાવકની વાત કયા આગમમાં આવે છે? (ઉપાસકદશાંગ, પુષ્ફિયા, **ભગવતી**)

૫. આત્મગુણોનું પોષણ શેના વડે કરવાનું છે? (**સામાયિક**, ચારિત્ર, તપ)

**(૧૦)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૬)**

૧. નયસારના ભવમાં કયો નિયમ હતો? **જ્યાં સુધી કોઈ વ્યક્તિને દાન ન દે કે જમાડે નહિ ત્યાં સુધી પોતે જમવા બેસતો નહિ.**

૨. ભગવાનને શીત ઉપસર્ગ કેવી રીતે આપ્યો? **કટપૂતના વ્યંતરી દેવીએ બરફ જેવો ઠંડો પવન ફૂંક્યો. બરફના પાણીની ધારા વહાવી શીત ઉપસર્ગ આપ્યો.**

૩. ભગવાનના ૧૪ પૂર્વધર સાધુ અને અનુત્તર વિમાને જવાવાળા સાધુ કેટલા?

**ભગવાનના ૧૪ પૂર્વધર સાધુ ૩૦૦ અને અનુત્તર વિમાને જવાવાળા સાધુ ૭૦૦.**

૪. નંદન કુમારના માતા-પિતાનું નામ લખો. **માતા-ભદ્રા, પિતા-જિતશત્રુ.**

૫. શક્રેન્દ્રનું આસન ચળ્યું એટલે શું? **આસન ચળ્યું એટલે દેહકંપન થયું.**

૬. પ્રિયમિત્ર ચક્રવર્તીએ કોની પાસે દીક્ષા લીધી? તેમનું આયુષ્ય કેટલું હતું?

**પ્રિયમિત્ર ચક્રવર્તીએ પોટ્ટિલ નામના આચાર્ય પાસે દીક્ષા લીધી. તેમનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વ હતું.**

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

૧. શું તમારી પાસે ધર્મ નથી? **કપિલ મરીચિને કહે છે.**

૨. મહાવીર નામે અંતિમ તીર્થંકર થશે. **ઋષભદેવ ભગવાન ભરત ચક્રવર્તીને કહે છે.**

૩. સંગીત બંધ કરી દેજો. **ત્રિપૃષ્ઠ વાસુદેવ ગાયકોને કહે છે.**

૪. આ સંસારીઓ કેવા સ્વાર્થી છે? **વિશ્વભૂતિ મનમાં વિચારે છે.**

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. સોઽહં **તથાપિ તવ ભક્તિવશાન્મુનીશ! કર્તું સ્તવં વિગત શક્તિરપિ પ્રવૃત્તઃ ।**

**પ્રીત્યાઽત્મ વીર્યમવિચાર્ય મૃગો મૃગેન્દ્રં, નાઽભ્યેતિ કિં નિજશિોઃ** પરિપાલનાર્થમ્ ॥

૨. ભિન્નેભ **કુમ્ભગલદુજ્જવલ શોણિતક્ત, મુક્તાફલ પ્રકરભૂષિત ભૂમિભાગઃ ।**

**બદ્ધક્રમઃ ક્રમગતં હરિણાધિપોઽપિ, નાક્રામતિ ક્રમયુગાચલ** સંશ્રિતં તે ॥

૩. ગમ્ભીર **તાર રવપૂરિત દિગ્વિભાગ, સ્ત્રૈલોક્ય શુભ સંગમ ભુતિદક્ષઃ ।**

**સદ્ધર્મરાજ જયઘોષણ ઘોષકઃ સન્, ખે દુંદુભિર્ધ્વનતિ તે યશસઃ** પ્રવાદી ॥

૪. સિંહાસને **મણિમયૂખ શિખાવિચિત્રે, વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્ ।**

**બિંબં વિયદ્ વિલસદંશુલતા વિતાનં, તુંગોદયાદ્રિશિરસીવ સહસ્ત્ર** રશ્મેઃ ॥

૫. દષ્ટ્વા **ભવન્તમનિમેષ વિલોકનીયં, નાન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ ।**

**પીત્વા પયઃ શશિકર દ્યુતિદુગ્ધ સિન્ધોઃ, ક્ષારં જલં જલનિધેરસિંતુ ક** ઈચ્છેત્ ॥

**જય – જિનેન્દ્ર**

- **PLEASE CONATADØCT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.**
- **NEXT CLASS STARTS AUGUST 6TH/7TH MONDAY AND TUESDAY**
- **TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914**
- **FOR BOOKS AND EXAM REGISTRATION**